## જન્મદિને વધામણી



**અશોકસિંહ ટી પરમાર**
ટ્રસ્ટી, શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર



**શ્રેયા હિમાંશુ શાહ**
મો. ૮૧૪૧૦ ૨૯૪૯૧



**હયાન વિપુલ ચૌહાણ**
મો. ૯૦૬૭૧ ૩૧૩૭૨



**માન્યા નિસર્ગ નરેન્દ્રકુમાર પટેલ**

# સ્વદેશી એન્ટિ માઈક્રોબાયલ એર પ્યુરિફાયર સ્ટાર્ટઅપને આઈઆઈટી ગાંધીનગરનું રૂ. ૫૦ લાખનું ફડીંગ

ગાંધીનગર, તા. ૧૪

કોવિડ-૧૯ સામે લડવા માટે મેક ઈન ઈન્ડિયા ચળવળને વેગ આપતા ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (DST) દ્વારા સમર્થિત ટેક્નોલોજી બિઝનેસ ઈક્યુબેટર આઈઆઈટી ગાંધીનગર ઈનોવેશન એન્ડ એન્ટરપ્રેન્યોરશિપ સેન્ટર (IIEC) દ્વારા સ્વદેશી અને અસરકારક એન્ટિ-માઈક્રોબિયલ એર પ્યુરિફાયર વિકસાવતી સ્ટાર્ટ-અપ એર્થ રિસર્ચ પ્રાઈવેટ લિમિટેડને રૂ. ૫૦ લાખનું સીડ ફંડિંગ પૂરું પાડવામાં આવ્યું છે. આ પ્રોગ્રામ હેઠળ કોઈપણ ઈક્યુબેશન સેન્ટર દ્વારા કોઈ સ્ટાર્ટ-અપને આપવામાં આવેલું આ સૌથી વધુ ભંડોળ છે.

આ સીડ ફંડિંગ સ્વદેશી ઉકેલો અને નવીન ઉત્પાદનોને ટેકો આપવા માટે રાષ્ટ્રીય વિજ્ઞાન અને તકનીકી સાહસિકતા વિકાસ બોર્ડ (NSTEDB), DST, ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલ એક વિશેષ ઝુંબેશ Nidhi4Covid2.0 હેઠળ આપવામાં આવી રહ્યું છે, જે આપણા રાષ્ટ્રને કોવિડ-૧૯ રોગચાળા સામે વધુ મજબૂતીથી લડવામાં મદદ કરશે. રૂ. ૫૦ લાખની કુલ ભંડોળ પ્રતિબદ્ધતામાંથી, IIEC એ એર્થ રિસર્ચ પ્રાઈવેટ લિમિટેડને રૂ. ૨૫ લાખનો પ્રથમ હપ્તો રિલીઝ કરી દીધો છે. ભંડોળ ઉપરાંત, IIEC સ્ટાર્ટ-અપને તેમની પ્રોડક્ટ ટેક્નોલોજીને શક્ય તેટલી ઝડપથી આગલા સ્તર પર લઈ જવા માટે માર્ગદર્શન અને માર્કેટિંગ સપોર્ટ પણ પ્રદાન કરે છે.




IIECદ્વારા સમર્થિત અને IIT બોમ્બેના ભૂતપૂર્વ વિદ્યાર્થી રવિ કૌશિક દ્વારા સ્થપાયેલ આ સ્ટાર્ટ-અપ એન્ટિ-માઈક્રોબિયલ એર પ્યુરિફાયર વિકસાવે છે, જે કોરોનાવાયરસના કદના કણો સહિત ૯૯.૯૯ ટકા સુધી જંતુઓને ઘટાડી અને નિષ્ક્રિય કરી શકે છે. કંપની હાલમાં મોટી જગ્યાઓ માટે એર પ્યુરિફાયર બનાવે છે, અને તેનો ઉપયોગ મુંબઈમાં આરબીઆઈ ઓફિસ, SHCIL અને ONGC જેવા પ્રારંભિક એડેપ્ટરો દ્વારા કરવામાં આવી રહ્યો છે. Nidhi4Covid2.0 હેઠળ IIECના ભંડોળ સાથે, એર્થ રિસર્ચ પ્રાઈવેટ લિમિટેડ હવે તે જ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પરંતુ વધુ સારી કાર્યક્ષમતા સાથે, તેના એર પ્યુરિફાયરનું નાનું સંસ્કરણ વિકસાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, જે ઘરો અને નાની ઓફિસો માટે અનુકૂળ રહી શકે.

# બૂલેટ ટ્રેનને ટ્રાયલમાં ૩૫૦ કિમી ઝડપે દોડાવા આયોજન

## અમદાવાદ-મુંબઈ બૂલેટ ટ્રેનનું કામ પૂર ઝડપે ચાલુ : ટ્રેન શરુ થશે ત્યારે તેની મહત્તમ સ્પીડ ૩૨૦ કિમી રહેશે

અમદાવાદ, તા.૧૪

અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેનનું કામકાજ પૂર ઝડપે ચાલી રહ્યું છે ત્યારે હવે ટ્રેનની ટ્રાયલ લેવાની તૈયારીઓ પણ અત્યારથી જ શરુ કરી દેવાઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ૨૦૨૬માં બિલિમોરાથી સુરત વચ્ચે ટ્રાયલ શરુ થઈ શકે છે, જેમાં બુલેટ ટ્રેનને ૩૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડાવાશે. સામાન્ય રીતે એરક્રાફટ ટેકઓફ કરે ત્યારે તે આટલી સ્પીડમાં હોય છે. એક અધિકારીના જણાવ્યા અનુસાર, ટ્રેનને ટ્રાયલ દરમિયાન ૩૫૦ની સ્પીડે દોડાવાશે, પરંતુ તે ખરેખર શરુ થશે ત્યારે તેની મહત્તમ સ્પીડ ૩૨૦ કિમી પ્રતિ કલાકની રહેશે.



અમદાવાદ-મુંબઈ વચ્ચે શરુ થનારી બુલેટ ટ્રેન ગેમચેન્જર બની રહેશે. તે એર ટ્રાવેલને સીધી ટક્કર આપશે. કારણકે તેમાં ચેક-ઈન ટાઈમ ઘણો ઓછો લાગશે, તેમજ વધુ લેગ સ્પેસ મળશે. આ સિવાય સૌથી મહત્વની વાત કનેક્ટિવિટીની છે. બુલેટ ટ્રેનમાં મુસાફરી કરનારા પેસેન્જર્સને વચ્ચે આવતા સ્ટેશન્સ પર ઉતરવાનો પણ વિકલ્પ મળશે. એક અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે, ટ્રેન 'સ્લેબ ટ્રેક સિસ્ટમ' તરીકે ઓળખાતા સ્પેશિયલ ટ્રેક્સ પર દોડશે. એચએસઆર ટેક્નોલોજી દ્વારા ટ્રેક પાથરવામાં આવશે, જેની પેટન્ટ જાપાન પાસે છે. આ જ પાટા પર બુલેટ ટ્રેન ૩૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે.

બુલેટ ટ્રેનમાં અમદાવાદથી મુંબઈ સુધી મુસાફરી કરવા માટે કેટલા રુપિયા ચૂકવવા પડશે તે અંગે આ અધિકારીએ જણાવ્યું હતું કે ટિકિટનો દર હવાઈ મુસાફરીના ઈકોનોમી ક્લાસ જેટલો હશે. જોકે, બુલેટ ટ્રેનમાં વધુ ફ્રી લગેજ લિમિટ અપાશે. ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીની તૈયારી છે ત્યારે બુલેટ ટ્રેન પ્રોજેક્ટને પણ ખૂબ જ ઝડપથી આગળ વધારવામાં આવી રહ્યો છે, તેમજ ટ્રાયલ માટે એક સેક્શન તૈયાર કરી દેવા પણ તૈયારી ચાલી રહી છે. રાજ્યમાં આ પ્રોજેક્ટ માટે જમીન સંપાદનનું કામ પણ ૯૯ ટકા પૂરું થઈ ચૂક્યું છે.

જાપાને પૂરી પાડેલી ડિઝાઈનના આધારે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું નિર્માણ ફુલ સ્પાન લોન્ચિંગ મેથડ (એફએલએસએમ) મારફતે કરવામાં આવી રહ્યું છે, જે દુનિયાની સૌથી એડવાન્સ બ્રિજ કન્સ્ટ્રક્શન ટેક્નોલોજી ગણાય છે. બિલિમોરા અને સુરત વચ્ચે દર મહિને ૨૦૦-૨૫૦ જેટલા પિલર્સ પણ તેના માટે ઉભા કરવામાં આવી રહ્યા છે. બુલેટ ટ્રેનના રુટ પર સૌથી લાંબો બ્રિજ નર્મદા નદી પર બનાવાઈ રહ્યો છે. જેની લંબાઈ ૧.૨૬ કિલોમીટર હશે. આ બ્રિજ બુલેટ ટ્રેન સ્પીડમાં પસાર થતી હોય ત્યારે પણ ભારે પવન તેમજ ભરતી સામે પણ સુરક્ષિત રહેશે.

# શિષ્યવૃત્તીના લાભની આવક મર્યાદા વધારી છ લાખ કરાઈ

**આ નિર્ણયથી આશરે ૧ લાખ વિદ્યાર્થીઓને લાભ મળશે, નિર્ણયથી ૫૦ લાખનો વધારાનો બોજ તિજોરી પર પડશે**

અમદાવાદ, તા.૧૪

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના કેબિનેટ કક્ષાના મંત્રી પ્રદીપ પરમારે વિદ્યાર્થીઓને લઈને મહત્વની જાહેરાત કરી છે. આંબેડકર જયંતિના દિવસે કરેલ જાહેરાતથી અનામત વર્ગના વિદ્યાર્થીઓને ફાયદો થશે. મંત્રી પ્રદીપે વિદ્યાર્થીઓને લઈને શિષ્યવૃત્તિના લાભ માટેની આવક મર્યાદામાં વધારો કર્યો છે.

અનામત શ્રેણીના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિના લાભ માટેની આવક મર્યાદા ૨.૫ લાખના સ્થાને ૬ લાખ કરવામાં આવી છે. પ્રદીપ પરમાર સામાજીક ન્યાય અધિકારીતા મંત્રી છે, તેમના આ નિર્ણયથી આશરે ૧ લાખ વિદ્યાર્થીઓને લાભ મળશે.

આ સિવાય સહાય, લોન, શિષ્યવૃત્તિમાં આ લાભ મળશે.મંત્રી પ્રદીપ પરમારના આ નિર્ણયથી લઘુમતી સમાજના લાભાર્થીઓને લાભ મળશે. પરમારે એક નિવેદનમાં કહ્યું કે, સરકારના નિર્ણયથી ૫૦ લાખનો વધારાનો બોજ સરકારી તિજોરી પર પડશે.

## કર્ણાટકના રાજયપાલશ્રીનું રાજભવન ખાતે ઉષ્માભર્યું સ્વાગત



ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે ગુજરાતના પ્રવાસે પધારેલા કર્ણાટકના રાજ્યપાલ શ્રી થાવરચંદ ગેહલોતનું રાજભવન, ગાંધીનગર ખાતે ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. રાજ્યપાલશ્રીએ શુભેચ્છા મુલાકાત દરમિયાન કર્ણાટકના રાજ્યપાલશ્રીને સ્મૃતિભેટ અર્પણ કરી તેમનું અભિવાદન પણ કર્યું હતું.

# અંતે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનિલ રાજગુરૂ આપમાં જોડાયા

**કોંગ્રેસનો આંતરિક જૂથવાદ વધુ સામે આવ્યો : રાજ્યગુરૂની સાથે કોંગ્રેસના પૂર્વ વિપક્ષી નેતા વશરામ સાગઠીયા પણ આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયા**

અમદાવાદ, તા.૧૪

રાજકોટ કોંગ્રેસના આંતરિક જૂથવાદે અંતે પક્ષમાં મોટું ભંગાણ કર્યું છે. રાજકોટ ઈસ્ટ ધારાસભા મતવિસ્તારના પૂર્વ ધારાસભ્ય, ગત ધારાસભાની ચૂંટણીમાં વિજય રૂપાણી સામે ચૂંટણી લડનારા ઈન્દ્રનીલ રાજ્યગુરૂ કોંગ્રેસ સાથે છેડો ફાડી આમ આદમી પાર્ટીમાં જોડાયા છે.

શહેર કોંગ્રેસમાં આ નેતાએ અગાઉ જ્યારે રાજ્યસભાની ચૂંટણી વખતે કોંગ્રેસના ધારાસભ્યોને ભાજપ દ્વારા તોડવામાં આવી રહ્યા હતા ત્યારે રાજ્યગુરૂએ પોતાના ફાર્મહાઉસમાં સૌરાષ્ટ્રના પોતાના ધારાસભ્યોને સાચવ્યા હતા. ઈન્દ્રનીલ રાજયગુરૂની સાથે મહાનગરપાલિકામાં હાલ કોંગ્રેસના ૪ કોર્પોરેટરો પૈકી સૌથી સક્રિય ગણાતા પૂર્વ વિપક્ષી નેતા અને દલિત આગેવાન વશરામ સાગઠીયા પણ આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયાનું આજે જાહેર કર્યું છે.

કોંગ્રેસનાં સૂત્રોના અનુસાર રાજકોટ કોંગ્રેસમાં અશોક ડાંગર, મહેશ રાજપુત અને પ્રદીપ ત્રિવેદી વગેરેના કાર્ય પદ્ધતિ સામે પહેલેથી જ કોંગ્રેસના નેતાઓએ વિરોધ કર્યો છે અને આમ છતાં તાજેતરમાં સંગઠનમાં જે ફેરફાર કરાયો તેમાં પણ કોઈ નવા નેતા મૂકવાને બદલે કાર્યકારી પ્રમુખને શહેર પ્રમુખ બનાવી દીધા હતા જે કારણે ઈન્દ્રનીલ રાજયગુરૂ સહિતના નેતાઓ પહેલેથી જ નારાજગી વ્યક્ત કરી રહ્યા છે અને પ્રદેશ કોંગ્રેસના નેતાઓમાં વલણ સુધારાતું નથી તેમ કહી ચુક્યા છે.

## ટાટા મોટર્સ ફોર્ડના સાણંદ પ્લાન્ટની સિકલ બદલી નાખશે

અમદાવાદ,તા.૧૪

અમદાવાદ નજીક સાણંદમાં ફોર્ડ ઈન્ડિયાનો પ્લાન્ટ ખરીદ્યા બાદ ટાટા મોટર્સ ત્યાં ઈલેક્ટ્રિક વ્હિકલનું ઉત્પાદન કરવાની યોજના ધરાવે છે. ટાટા મોટર્સે ફોર્ડનો પ્લાન્ટ કેટલી રકમમાં ખરીદ્યો તે હજુ જાહેર થયું નથી. કંપની અહીં લગભગ રૂ. ૨૦૦૦ કરોડનું રોકાણ કરીને ૨૦૨૬ સુધીમાં બે લાખ ઈફનું ઉત્પાદન કરવા માંગે છે. ટાટા મોટર્સે ગુજરાત સરકારને ખાતરી આપી છે કે તે ફોર્ડના કોઈ કર્મચારીને પડતા નહીં મુકે. આ ઉપરાંત ટાટા મોટર્સે લેન્ડ ટ્રાન્સફર રેટમાં પણ છૂટછાટની માંગણી કરી છે.

# કોઈ જગ્યાએ હિંસા થાય તે સારી વાત નથી : ઓવૈસી

**અસદુદ્દીન ઓવૈસી અમદાવાદ પહોંચ્યા**

અમદાવાદ, તા.૧૪

ગુજરાતમાં આ વર્ષના અંતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આ માટે તમામ રાજકીય પક્ષોએ પોતાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ત્યારે છૈસ્ંસ ના રાષ્ટ્રીય અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસી અમદાવાદ પહોંચ્યા હતા. આવનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી ઓવૈસીએ પાર્ટી કાર્યકર્તાઓ સાથે સંવાદ કર્યો હતો. ઓવૈસીએ કહ્યું કે ગુજરાતમાં પાર્ટીના સંગઠનને મજબૂત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. કોઈ કમી હોય તો તે દૂર કરવામાં આવી રહી છે. આગામી થોડા સમયમાં ચૂંટણી છે. રામનવમીના તહેવાર પર રાજ્યમાં થયેલી હિંસા પર લોકસભા સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યુ કે, ગમે ત્યાં હિંસા થાય તે સારી વાત નથી. જો હિંસા થાય તો જવાબદારી સરકારની છે. તેમણે આ હિંસાને લઈને રાજ્યની સરકાર પર પણ સવાલ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે આ હિંસાની સંપૂર્ણ તપાસ થવી જોઈએ. ઓવૈસીએ કહ્યુ કે, હંમેશા કહેવામાં આવે છે કે મુસ્લિમ જ પથ્થર ફેંકે છે, એજ દોષિ છે. તેના કોઈ પૂરાવા હોય તો આપવા જોઈએ.

# કોંગ્રેસમાં પોતાને સાઈડલાઈન કરવામાં આવી રહ્યા છે : કોંગ્રેસના રાજ્ય એકમની કાર્યશૈલી પર હાર્દિકની નારાજગી

ગાંધીનગર, તા.૧૪

જ્યારે હાર્દિક પટેલ ૨૦૧૯ની વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસમાં જોડાયા, ત્યારે તેમની પાસેથી ૧૩૫ વર્ષ જૂની પાર્ટીના રાજ્ય એકમમાં નવો પ્રાણ ફૂંકશે તેવી અપેક્ષા હતી. જોકે તે સમયને પાંચ વર્ષ પછી આ વર્ષના અંતમાં જ્યારે ફરી એકવાર ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી થવાની છે ત્યારે પાટીદાર નેતા જે ૨૬ વર્ષની વયે જીપીસીસીના સૌથી યુવા કાર્યકારી પ્રમુખ બન્યા હતા, તેમણે દાવો કર્યો હતો કે તેઓ ગુજરાત કોંગ્રેસમાં પોતાને સાઈડલાઈન કરવામાં આવી રહ્યા હોય તેવું અનુભવી રહ્યા છે. કોંગ્રેસના રાજ્ય એકમની "કાર્યશૈલી" પર નારાજગી વ્યક્ત કરતા, હાર્દિક પટેલે બુધવારે દાવો કર્યો હતો કે નેતૃત્વ તેમની કુશળતાનો ઉપયોગ કરવા તૈયાર નથી. રસપ્રદ વાત એ છે કે સુપ્રીમ કોર્ટે ૨૦૧૫ના રમખાણો અને આગજનીના કેસમાં હાર્દિક પટેલને દોષિત ઠેરવવાના નિર્ણય પર સ્ટે લગાવ્યા પછી તેમણે ચૂંટણી લડવાનો સંકેત આપ્યાના એક દિવસ બાદ પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો.

હાર્દિકે યારે તેણે પાટીદારો માટે ઓબીસી અનામતની માંગણી સાથે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે એક વિશાળ રેલી યોજી હતી. જે સાથે ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી દરમિયાન ગુજરાતમાં રાજકીય દિશા અને ધોરણો બદલાઈ ગયા હતા. ત્યારબાદ તેમણે લોકસભા ચૂંટણી પહેલા માર્ચ ૨૦૧૯માં કોંગ્રેસ પાર્ટીના ટોચના નેતૃત્વની હાજરીમાં કોંગ્રેસનો ખેસ પહેર્યો હતો. જે પછી જુલાઈ ૨૦૨૦ માં જ્યારે તેમને કાર્યકારી પ્રમુખ બનાવવામાં આવ્યા ત્યારે પક્ષમાં તેમનો ઉદય ઉલ્કાના ઉદયની જે જાજરમાન હતો જોકે વધુ સમયે તે ચાલ્યો નહીં. જો કે, બુધવારે પત્રકારો સાથે વાત કરતા, હાર્દિકે લોકપ્રિય પાટીદાર નેતા નરેશ પટેલને પાર્ટીમાં સામેલ કરવામાં "વિલંબ" અંગે કોંગ્રેસ નેતૃત્વને પ્રશ્ન કર્યો હતો. ''નરેશ પટેલને કોંગ્રેસમાં સામેલ કરવા અંગે જે પ્રકારની વાતો ચાલી રહી છે તે સમગ્ર સમુદાય માટે અપમાનજનક છે.

### આક્રોશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી રહ્યુ છે. શહેરના સે-૪ એ માં અને સે-૫ બી માં પાણીની સમસ્યા ડામવા માટે અગાઉ તંત્ર સમક્ષ રજુઆત પણ કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી પાણીનો પ્રશ્ન યથાવત હોવાનુ પણ સ્થાનિકો જણાંવી રહ્યા છે. આકરા ઉનાળે સેકટરોમાં પાણીની સમસ્યાને નાથવા તંત્ર દ્વારા નર્મદા કેનાલ આધારિત પાણી ઉપરાંત સેકટરોના બોર મારફતે પણ પાણીનો જથ્થો ઉપલબ્ધ કરી સપ્લાય આપવામાં આવે છે. સેકટરોના બોર પણ રાત્રિના ૨ વાગ્યાથી શરૂ કરી દેવામાં આવે છે. જયારે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી સેકટરવાસીઓની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે પાણી પુરવઠા બોર્ડ પાસેથી વધુ ૩ એમ એલ ડી વધુ સપ્લાય આપવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ શહેરમાં પાણીના પુરતા સપ્લાય વચ્ચે પણ સમસ્યા ઉદભવે છે જો કે રહેણાંક વિસ્તારમાં પણ પાણીના વપરાશા સાથે બગાડ વિશેષ થાય છે. સેકટરવાસીઓ પોતાના ઘર આંગણે પણ બાગ બગીચાઓમાં પાણીનો વિશેષ છંટકાવ કરે છે. આ ઉપરાંત મોટર મારફતે પણ પાણી ખેંચી લેવાતુ હોવાની ફરિયાદો પણ વિશેષ છે જેના લીધે આસપાસના વિસ્તારમાં પાણી પુરતા ફોર્સથી આવતુ નથી.

### ફરિયાદો ઉઠી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરંતુ હાલ જોખમી મકાનોમાં વસવાટ યથાવત છે. તંત્ર પાસે મકાનો ખાલી કરાવી અન્ય વેકલ્પિક વ્યવસ્થા પુરી પાડવા માટે પણ આવાસો ઉપલબ્ધ નથી આ સ્થિતિ વચ્ચે હાલ સેકટરોમાં વિવિધ કક્ષાના આવાસમાં રહેતા રહીશો માથે પણ ખતરો જળુંબી રહ્યો છે. સેકટરોમાં સ્થિત આવાસોમાં વરસાદી દિવસો દરમિયાન છતમાંથી પોપડા ખરતા હોવાની ફરિયાદો વિશેષ ઉભી થાય છે. પરંતુ હવે આવાસોની હાલત અત્યંત કંગાળ થઈ ગઈ છે. જેના લીધે વરસાદી દિવસો સિવાય પણ આવાસોની છતમાંથી ગમે ત્યારે પોપડા ખરે છે આ સ્થિતિ વચ્ચે તંત્ર માટે પણ ફરિયાદોનો નિકાલ કરવાનુ મુશ્કેલ બન્યુ છે. એકબાજુ જુના મકાનોના સ્થાને નવા મકાનો માટે પણ સ્થળ પસંદગી કરવામાં આવતી નથી. જગ્યા ખુલ્લી છે પરંતુ નવા આવાસોના નિર્માણની જાહેરાત જેટલી ઝડપથી કરવામા આવે છે તેટલી ઝડપે કામ હાથ ધરવામાં આવતુ નથી. આ સ્થિતિ વચ્ચે તંત્ર માટે એકબાજુ જોખમી મકાનો ખાલી કરાવાનુ તેમજ ફરિયાદોનો નિકાલ લાવવાનુ વધુ મુશ્કેલ બન્યુ છે.

### મને ગમે છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વહીવટી વિભાગના વડા સચિવો પણ કચેરીમાં આવવા જવા માટે (અમદાવાદ-ગાંધીનગર-અમદાવાદ) બસનો ઉપયોગ કરતાં. ગાંધીનગરના તમામ લોકો ખરીદી કરવા બસમાં અમદાવાદ જતા. એ વખતે ગાંધીનગરનો સેક્ટર-૨૮નો બગીચો ગાંધીનગર તેમજ અમદાવાદના લોકો માટે આકર્ષણનું કેન્દ્ર હતુ. તેમાંય બગીચામાં ફરતી ટોય ટ્રેઈન બાળકો સહિત તમામ લોકો માટે મુખ્ય આકર્ષણ હતુ. એ વખતે ગાંધીનગરમાં ગુલાબઉદ્યાન પણ હતુ. એમાં રંગબેરંગી સુંદર મજાના ગુલાબના સેંકડો છોડ હતા. તે વખતે નવા સચિવાલયનું અસ્તિત્વ નહોતુ. વિધાનસભા સચિવાલયને પણ પોતાનુ બિલ્ડીંગ નહોતુ. હાલમાં જે મધ્યસ્થ ગ્રંથાલય છે તેમાં વિધાનસભાની બેઠકો મળતી.

ગાંધીનગરથી અમદાવાદ બસમાં ૪૦ થી ૪૫ મિનિટમાં પહોંચી જવાતુ. એ વખતે બસની ફ્રિકવન્સી પણ ઘણી હતી. અમદાવાદથી રાત્રે છેલ્લા શૉ માં ફિલ્મ જોઈને રાત્રે પોણા વાગ્યાની બસમાં ગાંધીનગર પરત આવી શકાતુ. મેં ગાંધીનગર શરૂઆતથી જ એટલે કે ૧૯૭૦ થી જોયેલ હોય એના વિકાસની તમામ બાબતોની હું સાક્ષી છું. અલબત્ત મને જુનુ હરીયાળુ ગાંધીનગર વધારે ગમે. વિકાસની હરણફાળ સાથે ગાંધીનગર પહેલાં જેટલુ સ્વચ્છ અને હરીયાળુ નથી રહ્યુ. બગીચાઓનો વિકાસ પ્રશંસનીય છે પણ ગંદકી અને ગેરકાયદેસર ઝૂંપડપટ્ટીનુ સામ્રાજ્ય વિસ્તર્યુ છે. પાર્કિંગની સમસ્યા વધી છે. વાહનોની સંખ્યા વધવાની સાથે વાહન અકસ્માતોની સંખ્યા પણ વધી છે.

સાંસ્કૃતિક પ્રવૃત્તિના ક્ષેત્રે ગાંધીનગરે વિકાસ કર્યો છે. ગાંધીનગર શહેરને સિવિલ હોસ્પિટલ ઉપરાંત મેડીકલ કોલેજ પણ મળી. ખાનગી દવાખાનાઓ અને હોસ્પિટલોની સંખ્યા પણ વધી છે. છતાં તબીબીક્ષેત્રે અમદાવાદ પર અવલંબન ચાલુ રહ્યુ છે.

મારા ગાંધીનગરમાં વસવાટને ટૂંક સમયમાં ૫૨ વર્ષ પૂરા થશે. મને મારૂ શાંત અને રમણીય ગાંધીનગર ખૂબ ગમે છે. ગાંધીનગર શહેરને મારી એક નમ્ર વિનંતી છે મને વૃક્ષનો છાંયડો અને ચકલીઓ પરત આપો.

### દેશની ધરોહર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થળ, અલીપુર રોડ પર બાબા સાહેબ મેમોરિયલનું નિર્માણ કરાવ્યું છે. બાબા સાહેબના જે પાંચ તીર્થ વિકસિત કરવામાં આવ્યા છે તે સામાજિક ન્યાય અને અટૂટ રાષ્ટ્ર નિષ્ઠા માટે પ્રેરણાનું કેન્દ્ર છે.

કેટલાક અપવાદોને બાદ કરતાં, લોકશાહી ઢબે લોકશાહીને મજબૂત કરવાની આપણી ગૌરવપૂર્ણ પરંપરા રહી છે. એટલા માટે આપણી પણ એ ફરજ છે કે, પોતાના પ્રયત્નોથી લોકશાહીને મજબૂત કરતા રહીએ.

દેશ આજે જે ઊંચાઈ પર છે ત્યાં સુધી તેને પહોંચાડવામાં સ્વતંત્ર ભારત બાદ બનેલી પ્રત્યેક સરકારનું યોગદાન રહેલું છે. આજે આ મ્યુઝિયમ દરેક સરકારના સહિયારા વારસાનું જીવંત પ્રતિબિંબ પણ બની ગયું છે.

### કોરોનાના કેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

લક્ષણોવાળા ૧,૧૮૯ કેસ મળી આવ્યા છે. કોરોનાના વધતા જતા કેસ વચ્ચે ઝીરો કોવિડ પોલિસીનો બચાવ કરતા ચીનના વિદેશ મંત્રીના પ્રવક્તાએ કહ્યું કે, 'આ પોલિસી એન્ટી એપિડેમિક પ્રોટોકોલ સાયન્સ અને એક્સપર્ટ ઓપિનિયન પર આધારિત છે.' અહીં, લોકડાઉનને કારણે શાંઘાઈમાં સ્થિતિ વણસી રહી છે. કેટલાક ફૂટેજ જિયાંગસુ, ચાંગઝોઉ, શાંઘાઈમાંથી બહાર આવ્યા હતા. જ્યાં લોકોની ભીડ જરૂરી વસ્તુઓ માટે સુરક્ષા વ્યવસ્થા તોડતી જોવા મળે છે. આ ટોળાનો વીડિયો ટ્વિટર પર શેર કરવામાં આવ્યો છે, જેમાં લખવામાં આવ્યું છે કે, "ચીનના સૌથી મોટા અને સૌથી ધનિક શહેર શાંઘાઈમાં કોવિડ લોકડાઉન હેઠળ ભોજન માટે હુલ્લડ. કેટલાક અન્ય વીડિયો પણ શેર કરવામાં આવ્યા છે જેમાં મેડિકલ સેન્ટર અને સુપરમાર્કેટની આસપાસ લૂંટ થઈ રહી છે. હોંગકોંગ પોસ્ટ અનુસાર, ત્યાંના લોકોનું કહેવું છે કે તેઓ દિવસમાં માત્ર એક જ વાર ખાય છે.

### હાથ મિલાવી શકે

● અનુસંધાન પહેલાનું ચાલુ

દરમિયાન શિવપાલ યાદવ અને આઝમ ખાન હાથ મિલાવે તેવી શક્યતાઓ દેખાઈ રહી છે. આ પહેલા શિવપાલ યાદવ સિતાપુર જેલમાં જઈને આઝમખાનને મળી ચુકયા છે.

એવી ચર્ચા ચાલે છે કે, આઝમખાનના સમર્થકો ઈચ્છી રહ્યા છે કે, વિધાનસભામાં સમાજવાદી પાર્ટીના નેતા પ્રતિપક્ષ તરીકે આઝમખાનની વરણી કરવામાં આવે. કારણકે મુસ્લિમોએ ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીની તરફેણમાં એક તરફી વોટિંગ કર્યુ છે.

બીજી તરફ શિવપાલ યાદવને લાગી રહ્યુ છે કે, આઝમ ખાન સાથે રહેવામાં રાજકીય રીતે ફાયદો છે. એટલે તેઓ ભાજપમાં જોડાવાની ઉતવાળમાં નથી. ફરી એક વખત આઝમ ખાનને મળવા માટે શિવપાલ સિતાપુર જેલ જાય તેવી શક્યતા છે.

### ભીષણ આગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેમિકલ ફેક્ટરીમાં બુધવારે ભીષણ આગ ફાટી નીકળી હતી, જ્યાં પોલિમર બનાવવાનું કામ કરવામાં આવે છે. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ગેસ પાઈપલાઈનમાં લીક થવાથી કે તૂટવાને કારણે આ ઘટના બની હોઈ શકે છે. આગ લાગ્યા બાદ મોટી મોટી જ્વાળાઓ આકાશમાં ઉઠી રહી હતી, આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે.

### અખંડ રાષ્ટ્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોહન ભાગવતે કહ્યું કે ધર્મનો ઉદ્દેશ્ય એ જ ભારતનો ઉદ્દેશ્ય છે, ધર્મના ઉત્થાન માટે પ્રયત્નો થશે તો જ ભારતનો ઉદય થશે. જે તેને રોકે છે તે દૂર થશે, તેનો નાશ થશે. સંતોએ સંઘ પ્રમુખના હરિદ્વાર પ્રવાસ દરમિયાન સંતોએ તેમની સમક્ષ દેશને હિંદુ રાષ્ટ્ર તરીકે જાહેર કરવાની માંગ ઉઠાવી હતી. આરએસએસ પ્રમુખે જણાવ્યું કે, જો કે સંતોના જ્યોતિષ શાસ્ત્ર અનુસાર ૨૦ થી ૨૫ વર્ષમાં ભારત ફરીથી અખંડ ભારત બનશે. જો આપણે સૌ સાથે મળીને આ કામની ઝડપ વધારીશું તો ૧૦-૧૫ વર્ષમાં ભારત અખંડ ભારત બની જશે. બીજી બાજુ, શિવસેનાએ આરએસએસ ચીફ મોહન ભાગવતના અખંડ ભારતના નિવેદન પર પ્રતિક્રિયા આપતા શવસેનાના નેતા સંજય રાઉતે કહ્યું કે ૧૫ વર્ષમાં નહીં, ૧૫ દિવસમાં કરો, પરંતુ સૌથી પહેલા PoK ને દેશમાં જોડવું પડશે, પાકિસ્તાનને જોડવું પડશે. તેમણે જણાવ્યું કે, કોઈએ રોક્યા નથી. પરંતુ, ૧૫ વર્ષનું વચન ન આપો. રાઉતે વધુમાં કહ્યું કે કાશ્મીરી પંડિત ભાઈઓની ઘર વાપસી સુરક્ષિત રીતે થવી જોઈએ. અખંડ હિન્દુસ્તાનનું સપનું કોણ નથી જોતું? વીર સાવરકરને ભારત રત્ન આપો. આજે હું જોઈ રહ્યો હતો કે જ્યાં પણ ચૂંટણી આવી રહી છે ત્યાં રમખાણો કરાવવામાં આવી રહ્યા છે.

### પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

નથી..આપણે ઘણીવાર બહાર બહુ ખાંખાંખોળાં કરતા રહીએ છીએ..આપણી ભીતર વહેતા એક નિર્મળ પ્રવાહને અનુભવી શકતા નથી..મૃગજળ જેવું આપણું જીવન આયખાના તાપમાં વિલીન થઈ જાય એ પહેલાં એની ક્ષણભંગુરતાને સમજી લેવાની જરૂર છે..વિતેલા સમયને જો આનંદ અને ઉલ્લાસથી જીવ્યા હોઈએ..કોઈકને માટે જો કશુંક આપી શક્યા હોઈએ કે કુદરતની કરામતને સમજી કદમ ભર્યા હોય તો આખરે એક પરિતોષ આપણી ભીતર ઉભરાતી હોય છે..જીવન એ ખાલી નાવ નથી આનંદના હલેસાથી ચાલતો ઉપહાર છે !